જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૬૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૫ બીયરટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૦૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૬૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ **સમાચાર યાદી નં.૧૩૬૭/૨૦૨૬**

સેટેલાઈટઃ આષીશભાઇ અરવિંદભાઇ સોની (રહે. હરશાંતી સોસાયટી કોમલ એંકલેવ સામે પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ શાંતીવન પાલડી) એ તા.૨૭/૦૯/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી તા.૨૩/૦૯/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ માણેકબાગ કેન્યુગ એપાર્ટમેંટ પાસે જીવન આશા સોસાયટી ખાતે રહેતા આષીશભાઇ સોનીના બહેનના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીના લોકરમાંથી ૨૫૦૦/– દીરહામ (યુ.એ.ઇ.ની ચલણી નોટ) તથા કબાટમાથી આશરે ૧.૫ કિલ્લો ચાંદીના સિક્કા તથા ચાંદીના વાસણો જેની આશરે કિમત રૂપિયા ૨,૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૯૦,૦૦૦/–મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વિ.જે.ચૌધરી ચલાવે છે.

મેઘાણીનગરઃ રચનાબહેન વા/ઓ દેવેન્દ્રનાથ જોગી (ઉ.વ.૩૨) (રહે. રામચંદ્ર કોલોની ગેટ નં–૩ રોહિદાસ ચાર રસ્તા પાસે મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૯/૨૦૨૬ કલાક ૦૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણ્યો પુરૂષ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

વેજલપુરઃ હીત સ/ઓ અનીલભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. સ્વયં શક્તિ સોસાયટી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૬ કલાક ૦૨/૦૦ વાગ્યાથી ૦૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ પ્રભુભાઇ ચલાવે છે.

નારોલઃ નારોલ પુજા ફાર્મ ન્યુ રોડ રેઇમ્બો સાઇથ વિન્ડ કન્ટ્રક્શન સાઇટ સામે આદર્શ લોટસની બાજુમાં આવેલ પતરાની રૂમમાં રહેતા પ્રિન્સકુમાર રામઇશવર રાય (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ–પુનૌરા, વોર્ડ નંબર–૦૩, પુનૌરા, સિતામઢી, બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૬ કલાક ૦૯/૦૦ વાગ્યા થી ૦૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડની એંગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી